# પાલનપુરમાં દલીત યુવાનની કરપીણ હત્યા

## ધોળે દિવસે બનાસ હેલ્થ લેબમાં આવી બે હુમલાખોરોએ યુવાનને ગળાના અને પેટના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી




(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૯

પાલનપુર શહેરના કિર્તીસ્તંભ માર્ગપર જિલ્લા ન્યાયાધીશના નિવાસ સ્થાન સામે જ બનાસ હેલ્થ લેબોરેટરી છે. જ્યાં બ્લડ-યુરિન અને હેલ્થને લગતા ટેસ્ટીંગ તબીબી સારવાર અર્થે રીપોર્ટની કામગીરી થાય છે. ત્યાં કામ કરતાં પાલનપુર તાલુકાના એંગોલા ગામના દલીત યુવાનની આજે અજાણ્યા હુમલાખોરોએ લેબમાં પહોચી ગુપ્તી-છરી જેવા તીક્ષ્ણ હથિયારના ઉપરા છાપરી આડેધડ ઘા ઝીંકી નાસી છુટ્યા હતા. હત્યાના પગલે શહેરભરમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. આ ઘટનાની વિગત એવી છે કે જગદીશ અંબાભાઈ ચૌહાણ બનાસહેલ્થ લેબમાં મદદનીશ તરીકે કામ કરે છે. જ્યાં આજે બે અજાણ્યા યુવકોએ આવી જગદીશ અંગે પુછપરછ કરી હતી. બાદ તેના મિત્રને પુછ્યુ હતું કે જગદીશ ક્યા છે ? તેમ કહેતા સ્ટાફમાં કામ કરતા મિત્રએ આ બાબતની જાણ જગદીશને કરતા જગદીશ લેબની બહાર ગયો હતો. બપોરના ૧.૩૦ ઘટનામાં લેબ બહાર ઉભેલા હુમલાખોરોએ અચાનક જ જગદીશ પર હુમલો કરી આડેધડ પેટ અને ગળાના ભાગે તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો અને તેને લોહીયાળ ઈજાઓ પહોંચાડી સ્થળ પરથી નાસી છુટ્યા હતા. ઘાયલ જગદીશને તુરંત ૧૦૮ મારફતે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. શહેર પોલીસ સ્ટેશને આ બનાવની જાણ કરાતા પોલીસ ટીમ હોસ્પિટલ પહોંચી ગઈ હતી.

દરમિયાન સિવિલના તબીબોએ યુવકને મૃત જાહેર કરતા પરિવારજનો પર આભ ફાટી પડ્યું હતુ. બાદમાં મૃતકના સગાભાઈ ભગવાનભાઈ ચૌહાણને જાણ થતા અન્ય સગા સંબંધીઓ સાથે હોસ્પિટલ દોડી આવ્યા હતા અને લેબ સંચાલક ડૉક્ટરને બોલાવવા તેમજ આરોપીઓ ન પકડાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કરી દેતા મામલો ગરમાયો હતો. બપોર બાદ અચાનક જ મૃતકના પરિવારજનોનું ટોળુ બનાસ હેલ્થ લેબોરેટરીએ આવી હોબાળો મચાવતા પોલીસે આવી તેઓ અટકાવ્યા હતા. આ સમયે દલીત રાજકીય અગ્રણીઓ અમૃત ચૌહાણ, મુકેશ ચૌહાણ, અશ્વિન સકસેના વગેરે દોડી આવ્યા હતા અને ડી.વાય.એસ.પી. નિનામાને તાકીદે હુમલાખોરોને ઝડપી લેવા ઉગ્ર રજુઆત કરી હતી.

આમ દિન દહાડે પાલનપુર શહેરમાં દલીત યુવકની કરપીણ હત્યાથી પોલીસે પણ સતત પોલીસ પેટ્રોલિંગ શરૂ કર્યું હતું અને મૃતકના ભાઈની ફરિયાદના આધારે નોંધાવતા પોલીસે હુમલાખોરોને પકડવા માટે કાર્યવાહી શરૂ કરી છે.

# ઊંઝામાં પોસ્ટખાતાની ટપાલ વ્યવસ્થાનું તંત્ર ખાડે જતા નાગરિકો પરેશાન

ઊંઝા, તા. ૯

ઉત્તર ગુજરાતના ઊંઝા તાલુકામાં છેલ્લા ઘણા વખતથી પોસ્ટખાતાની ટપાલ વ્યવસ્થાનં તંત્ર ખાડે જતા લોકો પરેશાની ભોગવી રહ્યા છે. ભૂતકાળમાં આઝાદી બાદ સમગ્ર દેશમાં પોસ્ટખાતા મારફતે ટપાલની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. જે વર્ષો સુધી જળવાયેલી રહી હતી. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી ટપાલ વ્યવસ્થામાં રેઢિયાળપણુ વધી જતા હાલમાં આ વ્યવસ્થા ભાંગી પડી હોય તેવી સ્થિતિ પેદા થઈ છે.

ટપાલની આવન-જાવન સાથે સંકળાયેલ આર.એમ.એસ.નું તંત્ર મદદ અંશે બંધ થયેલ છે અને પોસ્ટ ઓફિસો મારફતે ટપાલની શોર્ટિંગની વ્યવસ્થા કરી રેલવે તથા એસ.ટી. બસો મારફતે ટપાલ મોકલવામાં આવી છે. આમાં ઊંઝા અને વિસનગર તાલુકાના હાઈ-વેને જોડતા મોટા ગામો જેવા કે ભાંડુ, ઉનાવા, બ્રાહ્મણવાડા તેમજ અન્ય ગામોની ટપાલો એસ.ટી.ની ચોક્કસ લોકલ બસો મારફતે જાય છે. જેમાં મોટાભાગે બસોની અનિયમિતતાને કારણે ટપાલો ખુબ મોડેથી મળે છે. તેમજ કેટલીક ટપાલો ગુમ થઈ જાય છે. ત્યારે ટપાલ વિભાગ સત્વરે આ મુશ્કેલી દૂર કરે તેવું સ્થાનિકો ઈચ્છી રહ્યા છે.

# દાંતીવાડા કોલોની ખાતે માર્ગ સલામતી અભિયાન યોજાયું

દાંતીવાડા, તા. ૯

દાંતીવાડા કોલોની ખાતે માર્ગ સલામતી સપ્તાહના ભાગરૂપે આજે વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ચેકીંગમાં હેલ્મેટ ન પહેરનાર, સીટ બેલ્ટ ન લગાવનાર, લાયસન્સ વગર, નિયમ વિરૂદ્ધની નંબર પ્લેટ લગાવનાર તેમજ નિયમનો




ધરવામાં આવ્યું હતું. જેમાં નિયમ-ભંગ કરનાર વાહનચાલકો સામે દંડનીય કાર્યવાહી કરી દંડ વસુલવામાં આવ્યો હતો.

દાંતીવાડા કોલોની બી.એસ.એફ. કેમ્પની પાસે દાંતીવાડા પી.એસ.આઈ. એ.પી. ગઢવી તેમજ સ્ટાફના કર્મીઓ જી.આર.ડી. જવાનો તેમજ આર.ટી.ઓ.ની ટીમ દ્વારા માર્ગ સલામતી ઝુંબેશમાં વાહનોનું સઘન ચેકીંગ હાથ ભંગ કરનાર વાહનચાલકોને સ્થળ પરથી પાવતી પકડાવી દંડ વસુલવામાં આવ્યો હતો અને સાથે સલામતી માટે વાહનચાલકોને નિયમોનું પાલન કરવા સૂચનો પણ કરાયા હતા. ઝુંબેશમાં બોર્ડર વિંગ કમાન્ડેન્ટના ડ્રાઈવર દ્વારા જ સીટ બેલ્ટ ન લગાવી નિયમનું ઉલ્લંઘન કરાયું હતું. બાદમાં સોરી બોલી સીટ બેલ્ટ લગાવતા નજરે પડ્યા હતા.



(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

# મહેસાણામાં કથિત ભ્રષ્ટાચારની વકરેલી બદીને અટકાવવા તંત્રને રસ જ નથી : પ્રજામાં રોષ

મહેસાણા, તા.૯

મહેસાણા જિલ્લામાં કથિત ભ્રષ્ટાચાર અને લાંચ રૂશ્વતની વકરેલી બદીને અટકાવવામાં લાંચ રૂશ્વત વિરોધી ખતાનું તંત્ર નિષ્ક્રિય રહેતાં પ્રજામાં તંત્રની કામગીરી અંગે સંદેહ પેદા થયો છે.

આમ જનતામાં ચર્ચાતી વાતો મુજબ મહેસાણા જિલ્લાના કેટલાક સરકારી તંત્રો મહેસૂલ, પોલીસ, રજીસ્ટ્રાર, માર્ગ મકાન, સબ રજીસ્ટ્રાર, સીટી સર્વે, પંચાયત, શિક્ષણ, ઉદ્યોગ કેન્દ્ર, આરટીઓ, વેચાણવેરા યાને વેટ ચેરીટી કચેરી, ખાણ ખનિજ વગેરેમાં ભ્રષ્ટાચાર અને લાંચ રૂશ્વતની બદી વકરી ગઈ છે. જિલ્લા અને તાલુકા કક્ષાની કેટલીક સરકારી કચેરીઓ, તંત્રોમાં કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ ભ્રષ્ટ રીત રસમો અજમાવીને યેનકેન પ્રકારે આમ જનતાના કામોમાં, સરકારી યોજનાઓને લગતા કામમાં રીતસર ગેરકાયદે નાણાં લેતા હોવાની લોક ફરિયાદ ઉઠી છે. કથિત ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ સીધી યા આડકતરી રીતે લાંચ રૂશ્વત લેવામાં લેશમાત્ર ડર અનુભવતા નથી તેવું કહેવાય છે.

મહેસાણા જિલ્લામાં લાંચ રૂશ્વત વિરોધી શાખા છેલ્લા ઘણા વર્ષોથી કાર્યરત છે. ભૂતકાળમાં આ કચેરીના કેટલાક અધિકારીઓએ લાંચ અંગેના સફળ છટકા ગોઠવીને જિલ્લાની વિવિધ કચેરીઓ, પોલીસ મથકોના વર્ગ ૧ થી ૪ સુધીના ભ્રષ્ટ અધિકારીઓ, કર્મચારીઓને પકડી પાડી સફળ કામગીરી કરી હતી પરંતુ છેલ્લા કેટલાક વખતથી લાંચરૂશ્વત વિરોધી બ્યુરોની કામગીરી નબળી રહેતાં જિલ્લાની જનતામાં અધિકારીઓની કામગીરી સામે શંકા કુશંકાઓ જાગી છે. જિલ્લામાં છેલ્લા ૨-૩ વર્ષ દરમિયાન લાંચ રૂશ્વતને લગતા જૂજ કેસો થયા છે જેમાં મોટે ભાગે નાના કર્મચારીઓ જ પકડાયા છે જયારે વર્ગ-૧, ૨ના કહેવાતા ભ્રષ્ટ અધિકારીઓને કોઈ આંચ આવી નથી તેવું ચર્ચાય છે. આવી સ્થિતિને લીધે એસીબીની કામગીરી પ્રત્યે લોકોમાં સંદેહ પેદા થયો છે. એસીબીના અધિકારીઓ દ્વારા જિલ્લાની કેટલીક સરકારી કચેરીઓમાં ખાનગી રાહે તપાસ થાય તથા છટકાં ગોઠવાય તો ભ્રષ્ટ અધિકારીઓ ભરડામાં આવી જાય તેમ છે.

# અરવલ્લી જિલ્લા ટ્રાફિક પોલીસની બે ધારી નિતીથી આમ જનતા ખફા

મોડાસા, તા. ૯

સમગ્ર ગુજરાત રાજ્યમાં માર્ગ સલામતી સપ્તાહનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં વાહનચાલકો ટ્રાફીકના નિયમો પાલન નહી કરે તો દંડની જોગવાઈ છે. જેમાં હેલ્મેટ પહેર્યા વિના વાહન ચલાવવું, કારમાં સીટ બેલ્ટ ન બાંધવો, ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ કરવો, નંબર પ્લેટની અનિયમિતતા અને વાહનો ઉપર લાવવામાં આવેલા લખાણો તેમજ વાહનોની ઉપર બિનઅધિકૃત રીતે લગાડવામાં આવેલી લાઈટો સામે સખત કાર્યવાહી કરવામાં આવશે. અરવલ્લી જિલ્લા પોલીસ દ્વારા શરૂ કરાયેલી ટ્રાફીક ઝુંબેશમાં તમામ પોલીસ મથકના કર્મચારીઓ જોડાયેલા છે. આ કામગીરીમાં અરવલ્લી જિલ્લા પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી અને મોટે પાયે લોકો સામે દંડ પણ વસુલ કરવાની કામગીરી સફળ ચાલી રહી છે. પરંતુ બીજી બાજુ અરવલ્લીના માર્ગો ઉપર બેફામ અને ભયજનક રીતે મુસાફરો ભરી જીપગાડીઓ ચલાવતા વાહનચાલકો સામે કાયદેસર રીતે કોઈ જ પગલા ન ભરાતા આમ જનતા પરેશાન થઈ ગઈ છે.



અરવલ્લી જિલ્લાના વડામથક મોડાસા શહેરમાં એક બાજુ ઝુંબેશ અને તેની બીજી બાજુએ બિન કાયદેસર રીતે ગાડીઓથી ભરેલા મુસાફરો ? મોડાસા શહેરના ચાર રસ્તા પોલીસ ચોકીથી ફક્ત ૨૦૦ મીટરના અંતરે આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા શાખાની આગળથી જ આવા જીપચાલક વાહનો મોતની સવારી ભરી રહ્યા હોય છે. તેમજ ૫૦૦ મીટરના અંતરે આવેલ મેઘરજ રોડ પર રાજસ્થાન અને મેઘરજના જીપચાલકો મોતની સવારીઓ ભરી બેફામ અવર-જવર કરતા હોવા છતાં કોઈ જ કાયદાકીય પગલા ભરવામાં આવતા નથી અને ફક્ત ટુ-વ્હીલરવાળા લોકોને નિયમો બતાવીને રંજાડવામાં આવે છે. ટુ-વ્હીલરનો દંડ ભરતી વખતે દંડ ભરનાર વ્યક્તિ આ બેફા જીપગાડીઓથી ભરેલા મુસાફરો જોઈને નિશાસો નાખતો નજરે પડે છે. આમ જનતા અરવલ્લી જિલ્લા પોલીસની આવી બે ધારી નિતીથી પરેશાન છે. આમ જનતા આવા દશ્યો જોઈને અરવલ્લી પોલીસની નીતિમત્તા સામે આંગળી સીંધતી નજરે પડે છે. અરવલ્લી જિલ્લા પોલીસ વડા આવા બેફામ મોતની મુસાફરી કરાવતા જીપચાલકો તેમજ મોડાસા શહેરમાં બિનઅધીકૃત રીતે લખાણ લખી રોફ જમાવતા લોકો સામે પણ આ નિયમ લાગુ પાડે તેવી આમ જનતા આશા રાખી રહી છે.





(તસવીર : જય અમીન, મોડાસા)

# વડાગામ-રખીયાલ સ્ટેટ હાઈ-વેનું નવીનીકરણ શરૂ



(તસવીર : બાબુભાઈ પટેલ)

વડાગામ, તા. ૯

ધનસુરા નજીકના વડાગામથી રખીયાલ અમદાવાદ સ્ટેટ હાઈ-વે ભારે વાહનોની અવર-જવરના કારણે બિસ્માર બનતા રાહદારીઓ અને સ્થાનિક પ્રજાને ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવે છે. ત્યારે અનેક લેખિક રજૂઆતો બાદ આજે તંત્રના અધિકારીઓએ આળસ ખંખેરી માર્ગ નવીનીકરણની કામગીરી હાથ ધરી છે.

ધનસુરા નજીકના વડાગામથી રખીયાલ-અમદાવાદ મરાગ પર દરરોજ હજારોની સંખ્યામાં કપચી અને રેતી ભરી ભારેખમ ટ્રકો બેફામ ગતિએ દોડે છે. પરિણામે અનેક અકસ્માતો સર્જાય છે. બીજી બાજુ ભારેખમ વાહનોને લીધે ઓછી ક્ષમતાવાળા માર્ગો પર ઠેર ઠેર મોટા ખાડા પડી જતા માર્ગ બિસ્માર બની ગયો છે. આથી નાના વાહનચાલકો અને રાહદારીઓને માર્ગ પર ચાલતા કે વાહન લઈ નીકળવું જોખમી સાબિત થઈ રહ્યું છે. આથી સ્થાનિકોએ સ્થાનિક સરકારી તંત્રને અનેક લેખિત રજુઆત કરી હતી તેમ છતાં આજ દિન સુધી આ માર્ગ પર કોઈ કાર્યવાહી ન થતા થોડા દિવસ અગાઉ આ બિસ્માર માર્ગ અંગે સમાચાર પત્રોમાં અહેવાલ પ્રસિદ્ધ થતા તંત્રના અધિકારીઓ દોડતા થઈ ગયા હતા અને બિસ્માર સ્ટેટ હાઈ-વેનું કામ પૂર્ણ કરવા કામે લાગી ગયા હતા અને ૭ મીટર પહોળાઈ ધરાવતા માર્ગને ૧૦ મીટર પહોળો કરવાની કામગીરી શરૂ કરી છે. આથી વાહનચાલકો અને રાહદારીઓ રાહત અનુભવી રહ્યા છે. જ્યારે તંત્ર આ માર્ગને ટકાઉ બનાવે તેવી અપેક્ષા રાખીને બેઠા છે.



## સોમનાથ ખાતે ત્રણ પેઢીથી શરણાઈ વગાડતો પરિવાર

ઐતિહાસિક સોમનાથ મંદિરમાં છેલ્લા ૬૩ વર્ષથી શરણાઈ-નોબત વગાડવામાં આવે છે. દર્શન કરવા માટે પહોંચતા હજારો શ્રદ્ધાળુઓ શરણાઈ અને નોબતના સુર સાંભળીને થોડીક વાર માટે ઉભા રહી જાય છે. દર્શનમાં મોડુ થાય તોય ચિંતા કરતા નથી અને ચોક્કસપણે સુર સાંભળે છે. સોમનાથ થતી ત્રણેય આરતીના એક કલાક પહેલા ૧૫ મિનિટ શરણાઈ અને નોબત વાગે છે. ૧૯૫૧માં મંદિરનો જીણોદ્ધાર થયો અને પૂજા શરૂ થઈ ત્યારથી શરણાઈ અને નોબત વાગે છે. સોમનાથમાં હાલ મુકેશ નથુભાઈ મકવાણા શરણાઈ વગાડે છે તેમના પિતા નથુભાઈ મકવાણા હાલમાં જ નિવૃત્ત થયા છે અને પિતાજીનું સ્થાન હવે મુકેશે સંભાળ્યું છે. નથુભાઈ મકવાણાએ ૧૯૯૦થી ૨૦૧૪ સુધી એટલે કે ૨૪ વર્ષ શરમાઈ વગાડી. નથુભાઈ જણાવે છે કે, સોમનાથનું બાંધકામ થતું હતું ત્યારે મારા પિતાજી કાનજીભાઈ કરસનભાઈ મકવાણાએ પાયાના મુહુર્ત વખતે શરણાઈ વગાડી હતી. ૧૯૫૧માં સોમનાથની પૂજા શરૂ થઈ ત્યારથી બાપુજી મંદિરમાં શરમાઈવાદક તરીકે રોજ સેવા આપતા હતા. તેમણે ૧૯૫૧થી ૧૯૯૦ સુધી એટલે કે સળંગ ૪૦ વર્ષ સુધી મંદિરમાં રોજ શરણાઈ વગાડી હતી. પિતાજીની નિવૃત્તિ બાદ હું શરમાઈવાદક તરીકે ૧૯૯૦થી મંદિરમાં જોડાયો હતો. હવે મારો પુત્ર મુકેશ સેવા શરણાઈ વગાડે છે. એવી જ રીતે નોબત વગાડવામાં પણ ચુડાસમા પરિવાર મંદિર સાથે ૧૯૫૧થી સંકળાયેલો છે. રણછોડભાઈ ચુડાસમા ૧૯૫૧થી મંદિરમાં નોબત વગાડતા હતા. તેમની નિવૃત્તિ બાદ તેમના ભત્રિજા બુધાભાઈ ચુડાસમા નોબત વગાડે છે. બુધાભાઈ જણાવે કે, છેલ્લા ૧૪ વર્ષથી હું નોબત વગાડું છું. ૧૯૫૧થી રણછોડકાકા વગાડતા હતા.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦